# પાલનપુરમાં પ્લોટ પર બથામણીયો કબજો કરનાર ભાજપના પૂર્વ ધારાસભ્યની અટકાયત

## પૂર્વ ધારાસભ્ય અને તેમના ચાલકે ગેરકાયદે પ્રવેશ કરી પ્લોટધારક યુગલને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાઇ

પાલનપુર ભાજપના પૂર્વ ધારાસભ્ય દ્વારા પ્લોટ ઉપર બથામણીયો કબ્જા કરવાના મુદ્દે આખરે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા ચકચાર મચી છે. આ અંગે પૂર્વ ધારાસભ્ય અને તેમના વાહનના ચાલક સામે ગૂનો નોંધી પોલીસે બન્નેની ધરપકડ કરી હતી અને બાદમાં જામીન ઉપર મુક્ત કરવામાં આવ્યા હતા.

પાલનપુરમાં રહેતા જાગૃતિબેન નરેશભાઈ ચંદાણીએ ભાજપના પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ પર તેમના પ્લોટમાં ગેરકાયદેસર રીતે કબજો કરી રહયા હોવાના આક્ષેપો કર્યા હતા. દરમિયાન બુધવારે ઉપરોકત પ્લોટનુ માલિક યુગલ પાલનપુરની એસ.પી.



કચેરી ખાતે પહોંચી ગયું હતુ. અને એસ. પી કચેરી ખાતે પહોંચી તેમની ફરિયાદ પશ્ચિમ પોલીસ ન લેતી હોવાના આક્ષેપો પણ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, મહેસાણાના મંજુલાબેન પટેલ પાસેથી વેચાણથી રાખ્યો હતો. મંજુલાબેનએ આ પ્લોટ લીલાબેન ગોવિંદભાઈ પ્રજાપતિ પાસે થી ખરીદેલો હતો. જેનું ટાઈટલ કિલયર છે. પ્લોટ અમારા નામે છે. અમારે અને ગોવિંદભાઈને પ્લોટ બાબતે કોઈ લેવાદેવા નથી. છતાં બુધવારે પુનઃ તેમણે પ્લોટ ઉપર કબ્જો કરવાનો પ્રયાસ કર્યો છે.

આ અંગે આખરે પશ્ચિમ પોલીસ મથકે પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ માધવ પ્રજાપતિ અને તેમના વાહન ચાલક અરવિંદભાઈ મોહનભાઈ પ્રજાપતિ સામે ફરિયાદ નોંધાઈ હતી. અને પોલીસે બન્નેની ધરપકડ કરી હતી. જોકે, બાદમાં તેઓ જામીન ઉપર મુક્ત થયા હતા. ભાજપના પૂર્વ ધારાસભ્ય પ્લોટના મુદ્દે વિવાદમાં ફસાતા ભારે ચકચાર મચી જવા પામી છે.

## ખેડબ્રહ્મા કોલેજમાં મતદાર યાદી સુધારણા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મની ડિડી ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજમાં બુધવારના રોજ મતદાર યાદી સુધારણા તથા મતદાન જાગૃતિ ૨૦૧૯ કાર્યક્રમ યોજાયો. આ કાર્યકમમા મુખ્ય મહેમાન તરીકે પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદી, મામલતદાર જી.ડી. ગમાર, ઉપસ્થિત રહ્યા હતા. દરેક વિદ્યાથીઓને ચૂંટણીકાર્ડ તેમજ મતદાનનું મહત્વ સમજાવ્યું હતું અને બુધવારે જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થઈ ગયા હતા તેવા ૨૫૦ વિદ્યાર્થીઓને ચૂંટણીકાર્ડ માટે ફોર્મ ૬ પણ ભરાવ્યાં હતા. આ પ્રસગે કોલેજના આચાર્ય એન.ડી. પટેલે આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કે.ડી. પટેલ અને જે.એસ. રાઠવાએ કરી હતી.

# બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં અંબિકા શોપિંગ સેન્ટર અખાદ્ય વસ્તુઓનું અડ્ડો બન્યું

## શંકાસ્પદ ગોળ શન્કાસ્પદ તેલ શન્કાસ્પદ ઘી જેવા અખાદ્ય જથ્થાની ટ્રકો ભરાઈને આવી છે : ગ્રામજનો

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં અંબિકા શોપિંગ સેન્ટર અખાદ્ય વસ્તુઓ નું અડ્ડો બન્યું છે અને અંબિકા શોપિંગ માં મોટાભાગ





ના ગોડાઉન અખાદ્ય જથ્થા થી ભરેલા જોવા મળી રહ્યા છે.

ધાનેરા સહીત અનેક વિસ્તાર બીમારી ના ભરડા માં સપડાયો છે અને નિર્દોષ લોકો તેમજ મશરૂમ બાળકો મોટ ને ભેટી રહ્યા છે ત્યારે ધાનેરા નું સ્થાનિક આરોગ્ય તંત્ર બીમારી પર અંકુશ ન લાવી શકતા ગાંધીનગર સહીત ની ટિમ ધાનેરા આવી કામે લાગી હતી અને બીમારી પર અંકુશ મેળવ્યો હતો ત્યારે હવે ધાનેરા ગંજ રોડ ઉપર આવેલું અંબિકા શોપિંગ જાણે અખાદ્ય વસ્તુઓ નો અડ્ડો બન્યો હોય તેમાં દરરોજ આ શોપિંગ શંકાસ્પદ ગોળ શન્કાસ્પદ તેલ શન્કાસ્પદ ઘી જેવા અખાદ્ય જથ્થા ની તર્કો ભરાઈ ને આવી છે અને અમિકા શોપિંગ માં રહેલા ગોડાઉન માં ખાલી થાય છે અને તે બાદ આ અખાદ્ય જથ્થો અંબિકા શોપિંગ માં ગોડાઉન માંથી આખા ધાનેરા માં વેચાણ કરવામાં આવે છે અને પશુઓ ને ખવડાવાનો માલ ગામડા થી ભોળી પ્રજા ને પધરાવી પૈસા વસુલ કરે છે ત્યારે આ બાબતે ધાનેરા સ્થાનિક આરોગ્ય તંત્ર અને લગતા વળગતા અધિકારીઓ જાગે નહીંતર આવનારા સમય માં ફરીથી ધાનેરા માં રોગચાળો ફાટી નીકળે અને મશુલ લોકોનો જીવ જાય તો પણ કોઈ નવાઈ ની વાત નથી.



# ખેડબ્રહ્મા ડેપોમાં એસટી બસ પેસેન્જરના પગ ઉપર ચડી ગાડી

ખેડબ્રહ્મા એસટી ડેપોમાં બુધવાર સાંજના સમયે ખેડબ્રહ્મા ડેપોની પોશીના ગાંધીનગર બસ ખેડબ્રહ્માં ડેપોની પોસીનાથી ગાંધીનગર બસ નંબર જીજે-૧૮-ઝેડ-૧૮૧૯ સાંજના ૫.૨૦ વાગ્યાના સમયે ડેપોમાં આવી હતી અને અને ડ્રાઈવર પ્લેટફોર્મ પર બસ રિવર્સ લેતો હતો ત્યારે અંબાસા ગામ તા. વિજયનગરના કાંતિભાઈ રામજીભાઈ પટેલ ૫૬ ઉંમર ત્યાં ઉભા હતા ત્યારે તેમના પગ ઉપર ટાયર ચડી જતા પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમને સારવાર માટે. ૧૦૮ દ્વારા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા.

# વડગામમાં દબાણો હટાવવામાં તંત્રની બેવડી નીતિથી લોકોમાં રોષ

## ગરીબોના દબાણો હટાવાયા : માલેતુજાર વગવાળા દબાણો યથાવત : સંકલનની બેઠકમાં ટ્રાફીકના મુદ્દે રજુઆત થતાં દબાણો દુર કરાયા : સરપંચ ભગવાનસિહ સોલંકી

વડગામ,

વડગામ તાલુકા મથકે છેલ્લા ઘણા સમયથી ટ્રાફીક નો મુદ્દો પેચીદો બનતો રહ્યો છે.તેમજ શેડવાળા દબાણો વગવાળા લોકો ના છે જે હટાવવા માં ભેદભાવની નિતી રખાઈ હોવાના આક્ષેપ લોકો પણ લોકો માં થઈ રહ્યા છે.વડગામ મામલતદાર આર.સી. ઠાકોર, માર્ગ અને મકાન સ્ટેટ, તેમજ નેશનલ હાઈવે ઓથોરિટીના સત્તાધીશો દ્વારા રોડ બનાવવાના બહાના તળે નાના કેબીનો તેમજ લારી ગલ્લાઓ હટાવાતા વડગામ ના લોકો માં તરેહ તરેહની ચર્ચા થઈ રહી છે.મગરવાડા ચોકડી ઉપર આવેલા ગલ્લાઓ દબાણને નડતર રૂપ ન હોવા છતાં ભેદભાવ ભરી નીતી રખાઈ ને હટાવાયા ના આક્ષેપ થઈ રહ્યા છે.નેશનલ હાઈવે ઓથોરિટી તેમજ માર્ગ મકાન સહીતના તંત્ર ને સસ્પેન્ડ થી મામલતદાર જવાના રોડ ઉપરના તેમજ પાલનપુર તરફ જવાના તથા આંબેડકર નગરના પાટીયા પાસે બિન અધિકૃત



રોડની બંને સાઈડોમા બેઠેલા વેપારીઓ દ્વારા રોડની આસપાસ છાપરા બનાવીને દુકાનથી પણ વધારે જગ્યાઓ દબાણો કરીને પચાવી પાડી છે. વડગામ શહેરના તમામ માર્ગો દબાણદારો ના તાબા હેઠળ દબાયા છે.

છતાં તંત્ર દ્વારા બેવડી નિતી રાખીને દબાણો હટાવાતા બે ટંકનું પેટીયું રળતા લારી ગલ્લા ઓ વાળાઓ દબાણો હટાવવાનો ભોગ બનતા તંત્ર સામે લોકો ફીટકાર વરસાવી રહ્યા છે.શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર રોડની સાઈડમાં કેટલાક વગવાળા અને માલેતુજાર લોકો દુકાનો આગળ છાપરા તેમજ શેડ બનાવીને દુકાનોથી મોટા દબાણો કરીને રોડને પચાવી દીધો હોવા છતાં તંત્ર ને આ દબાણો દેખાતા નથી માત્ર વડગામમાં લારી ગલ્લા ના દબાણો હટાવીને તંત્ર દ્વારા સંતોષ માની લેવાયો છે.વડગામ બસ સ્ટેન્ડ થી મગરવાડા જવાના રોડ ઉપર તેમજ તાલુકા પંચાયત થી મામલતદાર કચેરી જવાના માર્ગ ઉપર તથા સરકારી દવાખાથી પાલનપુર જવાના અનેક રસ્તાઓ ઉપર તેમજ બજારમાં અનેક પાકા અને મગરવાડા ચોકડીથી ભોજકવાડી નજીક એક રાજકીય આગેવાન





દ્વારા પોતાની માલિકીની જગ્યા કરતાં પણ વધારે જગ્યા ઉપર દબાણ કરી દેવાયુ હોવાની ચર્ચાઓ શહેરના લોકો માં ટોક ઓફ ધ ટાઉન બની છે.વડગામ ટી.ડી.ઓ.એ.એચ.પરમાર, થયેલા વગવાળા લોકો ના દબાણો કેમ દેખાતા નથી ? તેવા સવાલો લોકોમાં થઈ રહ્યા છે.

તંત્ર દ્વારા આ દબાણો હટાવાશે ખરા ? કે . પછી યથા વતજ રહે છે.

# માનસિક અસ્વસ્થ ઈસમનું પરિવાર સાથે સુખદ મિલન

## ડીસા તાલુકા પોલીસનો ઉમદા માનવતાવાદી અભિગમ

કાયદાના રક્ષક એવા પોલીસ કર્મીઓ સતત માનસિક તણાવમાં પોતાની ફરજ બજાવતા હોય છે સત્તત દોડધામ ભરી જિંદગી અને ફરજનુંપાલન કરવા માટે પરિવારથી પણ દૂર રહેતા હોય છે તેમ છતાં તેમનામાં પણ લાગણી અને માનવતાના ગુણો ઠાંસીઠાંસીને ભરેલા હોય છે તેનું વધુ એક ઉમદા ઉદાહરણ ડીસા તાલુકા પોલીસે પૂરું પાડયુ છે.

ડીસા તાલુકા પોલીસ સ્ટેશન હદના વડલી ફાર્મ વિસ્તારમાં એક અર્ધ પાગલ જેવો અસ્થિર મગજનો માણસ મળી આવ્યો હતો જેની ગામના સજ્જન માણસોએ તાલુકા પોલીસને જાણ કરતા તાલુકા પોલીસના કર્મચારીઓ વડલી ફાર્મમાં જઈને તેની પ્રેમથી પૂછપરછ કરતા નેપાળી જેવા લાગતા ઈસમે તેનું નામ હરેશભાઈ પ્રવીણભાઈ ટમોટા અને તેને કોઈએ માર મારેલ. જેથી તાલુકા પોલીસ મથકના બીટ વિસ્તારના એ.એસ.આઈ. કેવળભાઈ ગલાલભાઈ છત્રલિયાએ પોલીસ ઈન્સપેક્ટર એમ. જે. ચૌધરીને સંપૂર્ણ માહિતીથી



વાકેફ કર્યા હતા જેથી તેમણે વિસ્તારના માણસોને બોલાવી એન.સી. કેસ દાખલ કરાવેલ અને તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલી આપેલ ત્યારબાદ તાલુકા પોલિસે ડીસામાં રહેતા અન્ય નેપાળી ભાઈઓને બોલાવી ઓળખ માટેના નિષ્ઠાપૂર્વક પ્રયત્ન હાથ ધરેલ જેમાં રાત્રે આ યુવકને પોલીસ મથક ખાતે રાખેલ અને વહેલી સવારે પોલિસ ઈન્સપેક્ટર એમ. જે. ચૌધરીની સૂચનાથી સ્ટાફના કેવળભાઈ અને દિનેશભાઈએ અન્ય નેપાળી ભાઈઓને બોલાવીને ભારે જહેમત ઉઠાવતા આખરે આ અર્ધપાગલ યુવકના પરિવારજનો ગાંધીધામ રહે છે. ગોપાલભાઈ સાથે વાત કરી ડીસા બોલાવેલ જે આવી પહોંચતા અન્ય નેપાળી ભાઈઓની હાજરીમાં હરેશભાઈના દીકરા ગોપાલભાઈ એમ બાપ બેટાનું મિલન કરાવ્યું હતું.

# હિંમતનગરના ખેડવામાં પત્નિનુ મોત નિપજાવનાર પતિને આજીવન કેદ

હિંમતનગર, તા. ૧૧

ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા ગામે રહેતા એક પરિવારમાં ત્રણ વર્ષ અગાઉ થયેલા ઝઘડામાં ઉશ્કેરાઈ ગયેલા પતિએ આવેશમાં આવી જઈને પત્નિને લાકડાના ધોકા મારી મોત નિપજાવ્યુ હતુ. જે અંગેની ફરીયાદ ખેડબ્રહ્મા પોલીસસ્ટેશનમાં નોંધાયા બાદ આ અંગેનો કેસ મંગળવારે ઈડરની કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશે ફરીયાદના વકીલના આધાર પુરાવા તથા દસ્તાવેજી પુરાવાને આધારે મૃતક પત્નિના પતિને આજીવન કેદની સજા અને રૂ. ૫૦૦નો દંડ ફટકાર્યો છે.

આ અંગે ફરીયાદીના વકીલ પ્રણવભાઈ સોનીના જણાવાયા મુજબ ગત તા. ૨૩-૧૦-૧૬ના રોજ ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા ગામે રહેતા રણછોડભાઈ રાણાભાઈ કોદરવી તથા તેમની પત્નિ સુમિત્રાબેન સાથે ઘરકામ બાબતે ઝઘડો થયો હતો જેમાં રણછોડભાઈ કોદરવીએ ઉશ્કેરાઈ જઈને લાકડાના ધોકા વડે સુમિત્રાબેન પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી તેઓ ભાગી ગયા હતા. ત્યારબાદ મૃતક સુમિત્રાબેનના ભાઈ બોરડી ગામના પુનાભાઈ વજાભાઈ ખાંટે પોતાના બનેવી વિરૂદ્ધ તરત જ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. ત્યારબાદ પોલીસે સમગ્ર ઘટનાની તપાસ કરીને રણછોડભાઈ કોદરવીની ધરપકડ કરી લીધી હતી તો બીજી તરફ તપાસ પૂર્ણ થતા ખેડબ્રહ્મા પોલીસે આ અંગેનો કેસ ઈડરની કોર્ટમાં મોકલી આપ્યો હતો.

જે કેસની સુનાવણી મંગળવારે ઈડરની કોર્ટમાં ન્યાયાધીશ કે.એ. પઠાણ સમક્ષ ચાલી જતા તેમણે ફરીયાદીના વકીલ પ્રણવ સોનીની દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખી રણછોડભાઈ કોદરવીને આઈપીસી કલમ ૩૦૨ મુજબ કસુરવાર ઠરાવીને આજીવન કેદ તથા રૂ.૫ ૦૦નો દંડ ફટકાર્યો છે અને જો દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સજા કરવાનુ ચુકાદામાં નોંધ્યુ છે.

# હિંમતનગર સિવિલમાં સારવાર લેવા આવતા દર્દીઓને દવાઓ મેળવવામાં હાલાકી

## ડોક્ટરે લખી આપેલ પ્રિસ્કીપશન મુજબની દવાઓ સિવિલના મેડીકલ સ્ટોરમાં મળતી નથી : દર્દીઓને દવા લેવા માટે ખાનગી મેડીકલ સ્ટોરમાં જવુ પડે છે

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગર પાસેના ગઢોડા ગામની સીમમાં રાજય સરકાર દ્વારા કરોડો રૂપીયાના ખર્ચે મેડીકલ કોલેજ અને અદ્યતન સિવિલ હોસ્પિટલ તૈયાર કરીને પ્રજાની સેવામાં ખુલ્લી મુકાઈ છે. ત્યારે સિવિલ હોસ્પિટલના સત્તાવાળાઓની આળશને કારણે છેલ્લા ઘણા સમયથી અહી સારવાર લેવા આવતા ગરીબ દર્દીઓને સિવિલના મેડીકલ સ્ટોરમાંથી સસ્તી દવાઓ મળતી નથી. તેથી આ ગરીબ દર્દીઓને ડૉક્ટરે લખી આપેલ દવાઓ મોંઘી હોવા છતા ખાનગી મેડીકલ સ્ટોરોમાંથી લેવાની ફરજ પડી રહી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરની નવી સિવિલ હોસ્પિટલમાં અદ્યતન સાધન સામગ્રી સરકાર તરફથી ઉપલબ્ધ કરાવાઈ હોવાને કારણે જિલ્લાના અંતરીયાળ વિસ્તારોમાંથી ગરીબ અને જરૂરીયાતમંદ દર્દીઓ સારવાર લેવા માટે રોજબરોજ હિંમતનગર સિવિલમાં સવારથી આવી જાય છે. સૂત્રોનુ માનીએ તો હિંમતનગર સિવિલમાં રોજની ૫૦૦થી વધુની ઓપીડી રહે છે. બપોર સુધીમાં દર્દીઓને જે તે ડૉક્ટરને બતાવવાનુ હોય તે મુજબના મામુલી ફી માં કેસ કાઢી આપવામાં આવે છે.

ત્યારબાદ આ દર્દીઓ જે તે તબિબ પાસે જઈને નિદાન કરાવ્યા બાદ ડૉક્ટર કેટલીક જરૂરી દવાઓ લખી આપીને ભોયતળીયે આવેલા સરકારી મેડીકલ સ્ટોરમાંથી લઈ લેવાનુ જણાવે છે પરંતુ જ્યારે દર્દી અથવા તેના સગા મેડીકલ સ્ટોરના કાઉન્ટર પર જીને પ્રિસ્કીપશન આપે છે ત્યારે ફરજ પરના કર્મચારી આ દવા ખલાસ થઈ ગઈ છે અથવા તો અહગી નથી તેમ જણાવીને દર્દીને સિવિલની બહાર આવેલા ખાનગી મેડીકલ સ્ટોર્સમાં રવાના કરી દે છે પરંતુ હકીકત એ છે કે સરકારી દવા કરતા ખાનગી મેડીકલ સ્ટોરોમાં મળતી દવાઓનો ભાવ અનેક ઘણો વધારે હોવાથી દર્દી તે લઈ શકતો નથી.

અહી એ નોંધવુ જરૂરી છે કે રોજબરોજ વપરાતી દવાઓના જથ્થા અંગે સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા તબિબોને જાણકારી આપવામાં નહી આવતી હોય અથવા તો તેઓ કોઈ અગમ્ય કારણોસર એવી દવાઓ દર્દીઓને લખી આપે છે કે તે દવા ખરીદવા માટે દર્દીને પરાણે ખાનગી મેડીકલનો સહારો લેવો પડે છે જો કે સૌથી વધુ જવાબદારી અહી ફરજ બજાવતા સિવિલ સર્જનની હોય છે તેમ છતાં તેઓ કેમ દવાઓનો જથ્થો ઉપલબ્ધ કરાવવા માટે બેકાળજી દાખવી રહ્યા છે તે સમજાતુ નથી.

# સાપ પકડી ખેડુત અને સાપના જીવ બચાવી સેવા કાર્ય કરતો મનોરપુરનો યુવાન

## ખેતર, કૂવા અને ઘર પરથી ૩૦૦થી વધુ સાપો પકડી જંગલમાં મુકત કર્યા

ભિલોડા, તા. ૧૧

ગ્રામ્ય વિસ્તારોમાં ઘર અને ખેતરના સીમાડાઓમાં હરતા-ફરતા ઝેરી-બિનઝેરી સાપો પકડી તેને સલામત રીતે નિર્જન જંગલોમાં છોડી સાપ અને ખેડુતોના જીવની સલામતી રાખવાનું એક અનોખું માનવીય સેવાકાર્ય કરતા હિંમતનગર તાલુકાના મનોરપુર ગામે રહેતા અને ખેતીકામ કરતા જીગરભાઈ કનુભાઈ પટેલ છેલ્લા ત્રણ વર્ષમાં ૩૦૦ ઉપરાંત સાપો પકડી જંગલમાં છોડી માનવતાનું કાર્ય કરી રહ્યા છે. ગાંભોઈ પંથકના ગામડાઓમાં ખેતરો, કુવા અને રહેઠાણ વિસ્તારમાં સાપ દેખાતા જ સ્થાનિક ગ્રામજનો મોબાઈલ ફોનથી જાણ કરતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની જેમ જીગરભાઈ પટેલ રાત્રી હોય કે દિવસ પોતાની બાઈક સાથે તરત જ સાપ પકડવા જણાવેલ સ્થળે દોડી જાય છે. છેલ્લા ત્રણ વર્ષથી સાપ પકડવાનું કાર્ય કરતા જીગરભાઈ પટેલ આ અંગે જણાવે છે કે અત્યાર સુધીમાં તેમણે ૩૦૦ ઉપરાંત ઝેરી-



બિનઝેરી સાપો પકડી જંગલોમાં છોડ્યા છે. જેમાં ચીત્રો, ખરચીત્રો, કાળોતરો બ્લેક કોબ્રા, ધામણ જેવા સાપનો અને વિવિધ પ્રજાતિના અજગરનો સમાવેશ થાય છે. સાપ પકડીને તેને બચાવવાના કાર્યમાં આજ સુધી કોઈ સાપ તેને કરડ્યો નથી. સાપ પકડી જંગલમાં છોડી મૂકવાનું માનવતાભર્યું કામ તેઓ વિનામૂલ્યે કરી સેવા આપે છે.

હિંમતનગર તાલુકાના ગાંભોઈ પંથકમાં અનેક ખેડૂતોને તેમજ સાપોને મોતના મુખમાંથી ઉગારી જીવતદાન આપવાનું સેવાકાર્ય કરતા આ યુવાનના માનવતાભર્યા ભગીરથ કાર્યને લોકો વન્યપ્રેમીઓ બિરદાવી રહ્યા છે.



તાજેતરમાં લોક રક્ષક દળની પરીક્ષા સમગ્ર ગુજરાતમાં યોજાઈ હતી તેમાં સૌરાષ્ટ્રમાં રબારી સમાજને અન્યાય થયો હોય તેવા આક્ષેપ સાથે સમગ્ર રાજયમાં માલધારી સમાજમાં રોષ ફેલાયો છે અને ઠેર ઠેર તેનો વિરોધ પ્રદર્શિત પણ થઈ રહ્યો છે તેના ભાગ રૂપે ગઈકાલે ગોપાલ સેના ડીસાના કાર્યકરો દ્વારા મામલતદારને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજુઆત કરી હતી જેમાં આ ભરતીમાં માલધારી સમાજને હળાહળ અન્યાય થયો હોવાનો ગંભીર આક્ષેપ સાથે પોરબંદર, ગીર બરડો અને આલેચ પરગણામાથી રબારી, ભરવાડ અને ચારણ (ગઢવી) માલધારી સમાજને લોક રક્ષક દળની ભરતીમાં અન્યાય કરી તેમજ અનુસુચિત જનજાતિના દાખલામાં ફેરફાર કરી માલધારી સમાજના વિદ્યાર્થીઓને હળહળતો અન્યાય કરેલ છે.

# ધાનેરા તાલુકાના સામરવાડા ગામ પાસે મોડીરાત્રે બોલેરો કેમ્પર જીપ અને રીક્ષા વચ્ચે અકસ્માત

ધાનેરા તાલુકા ના સામરવાડા ગામ પાસે મોડીરાત્રે બોલેરો કેમ્પર જીપ અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા રીક્ષા ને મોટું નુકશાન થવા પામ્યું હતું અને રીક્ષા ચાલાક ને પણ ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો તો બીજી તરફ કેમ્પર ચાલાક ગાડી મૂકી પલાયન થઇ ગયો હતો.

ધાનેરા તાલુકા ના સામરવાડા ગામ પાસે મોડીરાત્રે બોલેરો કેમ્પર જીપ અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો ધ્વરા રીક્ષા માં ફસાયેલા રીક્ષા ચાલાક ને બહાર કાઢી સારવાર અર્થે ધાનેરા ની હોસ્પિટલ માં ખસેડ્યો હતો તો બીજી તરફ બોલેરો કેમ્પર નો ચાલાક અકસ્માત સર્જી ફરાર થઇ ગયો હતો ત્યારે રીક્ષા માલિકે જણાવ્યું હતું કે સામરવાડા થી પાંથાવાડા સુધુ નવીન રોડ બની રહ્યો છે તે કર્મચારીઓ હતો અને દારૂ ના નાશ માં ધૂત હોવાથી આ અકસ્માત સર્જ્યો છે અને અકસ્માત સર્જી પલાયન થઇ ગયા છે ત્યારે રીક્ષા મલિક ધ્વરા પોલીસ ને જાણ કરતા ધાનેરા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને લોકો ધ્વરા ગાડી ની તલાશી લેતા ગાડી માંથી દેશી દારૂ ની પોટલીઓ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.